# શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## વાર્ષિક વિકાસ યોજના

## વર્ષ : ૨૦૧૭ – ૧૮

## એલ.બી.આર. – ૧,૧૩,૧૮-એ,૨૧,૨૬, ૨૭, ૨૮

## શ્રમ આયુક્તશ્રી  ની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ગુજરાત રાજયમાં શ્રમ કાયદાઓનાં અસરકારક અમલીકરણ ધ્વારા ઔધોગિક શાંતિ જાળવવા માટે શ્રમ આયુકતશ્રીની કચેરી ધ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવે છે. ઉધોગોના વિકાસ માટે ઔધોગિક શાંતિ મહત્વનો ભાગ ભજવે છે. ઔધોગિક શાંતિ જાળવવા તેમજ કોઇપણ શ્રમ પરિસ્થિતિના વિવાદ ના  ઉકેલ માટે આગોતરા અને અસરકારક દરમ્યાનગીરીનાં પગલાં અત્રેની કચેરી ધ્વારા ભરવામાં આવે છે,બાળ શ્રમીકો તથા સ્ત્રી કામદારો માટે અસરકારક કામગીરી કરવામાંઆવે છે. શ્રમ આયુકતશ્રીની કચેરીનાં હકારાત્મક પ્રયાસોનાં ફળ સ્વરૂપે આજે રાજ્યમાં  ગુમાવેલ માનવ દિનોની દિવસોની સંખ્યામાં ઉત્તરોઉત્તર ઘટાડો થયેલ છે. આમ, ઔધોગિક શાંતિ ના ક્ષેત્રે ગુજરાત આગવી અને વિશિષ્ટ પ્રતિભા ધરાવે છે. આમ, રાજયમાં શ્રમ કાયદાઓનાં અસરકારક અમલીકરણ અસંગઠિત શ્રમયોગીઓને રાજ્ય સરકારની જુદીજુદી યોજના/ સહાય ના લાભ મળે તે માટે યુ-વિન કાર્ડઆપવા , શ્રમયોગી કલ્યાણ મેળાના આયોજન,નેશનલ પેન્શન સ્કીમ યોજના તથા હેલ્થ ઇન્સ્યુરન્સ માટે શ્રમ આયુકતશ્રીની કચેરી માટે પ્લાન સદર હેઠળ સને ૨૦૧૭-૧૮ માટે **રૂ. ૩૭૯૯.૦૫** લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે. બજેટની સદર વાર જોગવાઇ નીચે મુજબ છે. *(રૂ.લાખમાં)*

| અ.નં. | બજેટ હેડ | ૨૦૧૭-૧૮ ની જોગવાઇ | | | |
|---|---|---|---|---|---|
| | | ચાલુ બાબત | નવી બાબત | આયોજન બહાર | કુલ |
| ૧ | **એલબીઆર-૧**<br>શ્રમ આયુક્તશ્રી ની કચેરીના મહેકમ નું વિસ્તરણ | ૭૨૬.૭૫ | ૦.૦૦ | ૬૫૨.૮૭ | ૧૩૭૯.૬૨ |
| ૨ | **એલબીઆરઃ-૧૩**<br>વરાળ બોયલર ના મુખ્ય નિરીક્ષક હેઠળના મહેકમ નું વિસ્તરણ | ૨૯૦.૮૩ | ૯૫.૦૦ | ૧૯૨.૭૮ | ૫૭૮.૬૧ |
| ૩ | **એલબીઆર-૨૧.**<br>સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ને અનુદાન | ૧૬૦.૦૦ | ૦.૦૦ | ૨૭૭.૫૦ | ૪૩૭.૫૦ |
| ૪ | **એલબીઆર-૨૬**<br>ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય) | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૫૦ |
| ૫ | **એલબીઆરઃ-૨૭ (નવુ હેડ)**<br>ગુજરાત અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા બોર્ડ | ૫૫૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૦.૦૦ | ૧૫૫૦.૦૦ |
| ૬ | **એલબીઆર-૨૮ (નવુ હેડ)**<br>ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય ) (બીડી શ્રમિકો) | ૪૮.૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૮.૨૪ |
| ૭ | **એલ .બી.આર.૧૮-એ** | ૧૬૨.૫૦ | ૧૮૬.૧૬ | ૨૪૦.૮૦ | ૫૮૯.૪૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ | | | | |
| **કુલ સરવાળો** | | **૧૯૩૮.૮૨** | **૧૨૮૧.૧૬** | **૧૩૬૩.૯૫** | **૪૫૮૩.૯૩** |

## <u>વર્ષ ૨૦૧૭-૧૮ માટે ની ચાલુ બાબતો ની વિગતો</u>

**<u>એલબીઆર-૧ શ્રમ આયુક્ત શ્રી ની કચેરીનાં મહેકમનું વિસ્તરણ (રૂ. ૭૨૬.૭૫ લાખ )</u>**

**એલબીઆર-૧ માં સને ૨૦૧૭-૧૮** માટે કુલ **રૂ ૭૨૬.૭૫** લાખની ચાલુ બાબત ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમા શ્રમ આયુક્તશ્રીના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ માટે પ્લાન સ્કીમ અન્વયે મંજુર થયેલ જગાઓનો પગાર ભથ્થા, વહીવટી ખર્ચ , કચેરીઓનુ; આધુનિકરણ અને અન્ય આકસ્મીક ખર્ચની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. આ પૈકી **રૂ. ૨૭૯.૯૦ લાખ** પગાર અને અન્ય ભથ્થા માટેનો ખર્ચની જોગવાઈ છે, વડી કચેરી તેમજ જીલ્લા કચેરીઓ માટે વાહન ભાડા પેટે રાખવા તથા શ્રમ આયુકતશ્રીની કચેરી તથા તાબાની કચેરી માટે આઇ.એસ.ઓ. પ્રમાણપત્ર મેળવવા ખર્ચ પેટે રૂ.. ૮.૦૦ લાખ અને રૂ ૧૦.૦૦ લાખ કર્મચારી ટ્રેઈનીંગની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**<u>એલબીઆરઃ-૧૩ નિયામક, વરાળ બોયલર ની કચેરી ના મહેકમનું વિસ્તરણ (રૂ. ૩૬૩.૬૧ લાખ )</u>**

નિયામાકશ્રી, બોઇલરોના તાબાની જિલ્લા કચેરીઓ માટે પ્લાન સ્કીમ અન્વ યે મંજુર થયેલ મહેકમનો પગાર, વહીવટી ખર્ચ તેમજ [illegible] આકસ્મિક ખર્ચ માટે **રૂ.૩૬૩.૬૧ લાખની** જોગવાઈ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં સૂચવવામાં આવી છે.

**<u>એલબીઆર-૧૮-એ . ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, રાયપુર, અમદાવાદ ની સૂચિત અનુદાન (રૂ.૧૭૪.૫૦ લાખ)</u>**

ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, માટે **રૂ. ૧૭૪.૫૦ લાખની** જોગવાઇ ચાલુ બાબત તરીકે સૂચવવામાં આવેલ છે. પગાર ભથ્થા, વહીવટી ખર્ચ ખર્ચ માટે **રૂ. ૧૬૨.૫૦ લાખ** સામાન્ય બજેટ હેડ ખાતે **રૂ. ૬.૦૦ લાખ** ખાસ અંગભૂત (SCSP) ખાતે અને **રૂ. ૬.૦૦ લાખ** આદીજાતિ (TASP) ના વિકાસ હેડ ખાતે કરવામાં આવેલ છે.

**<u>એલબીઆર-૨૧. સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને અનુદાન (રૂ.૧૬૦.૦૦ લાખ )</u>**

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ની પ્રવૃતિઓ સંગીન બનાવવા અને તેનુ વિસ્તરણ કરવા માટે સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં **રૂ.૧૬૦.૦૦ લાખની** સહાયક અનુદાનની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સૂચિત જોગવાઇમાં પગાર તથા વહીવટી ખર્ચ, પ્રવાસખર્ચ તેમજ અન્ય આકસ્મિક ખર્ચની જોગવાઇ કરવામાં આવેલ છે.

**એલબીઆર-૨૬ - ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય ) ( રૂ ૦.૫૦ લાખ )**

સદર બોર્ડ ની જુદી-જુદી કલ્યાણકારી યોજનાઓ તેમજ મહેકમ માટે વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે **રૂ.૦.૫૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે. પગાર ભથ્થા તથા અમદાવાદ, વડોદરા અને સુરત શહેરમાં નોંધાયેલ અસંગઠીત શ્રમયોગીઓના વ્યવસાયમાં મદદરૂપ થાય તેવી સાધનકીટ તેમજ કૌશલ્ય વિકાસ, આરોગ્ય તાલીમ સહાય ચકાસણી કેમ્પ માટે જોગવાઇઓ કરવામાં આવેલ છે

**એલબીઆર-૨૭- ગુજરાત અસંગઠિત કામદાર સુરક્ષા બોર્ડ. ( રૂ.૪૫૦.૦૦લાખ )**

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીની અધ્યક્ષતા હેઠળ રચાયેલ આ બોર્ડમાં રાજ્યના અસંગઠિત શ્રમયોગ પાડવા માટે નાણાકીય જોગવાઇ કરેલ પરંતુ સુપ્રીમકોર્ટનાં આદેશ અન્વયે આધાર કાર્ડનો ડેટા માહીતી ઉપયોગ કર કાર્ડ બનાવવાની કામગીરી ઓછી થયેલ છે. ડેટા ઓપરેટર પૈકી ૪૪ ડેટા ઓપરેટરની જગ્યા ભરાયેલ હોય ખર્ચ ઓછો

વધુમાં ૩૩ પ્રોજેક્ટ ડાયરેક્ટરની જગ્યા ભરવા માટેનું ટેન્ડર બાહર. પાડવામાં આવેલ છે. થઇ શકે તેવા ટેન્ડર આવેલ નથી. રીટેન્ડર કરવાની પ્રક્રિયા .ચાલુ છે

**એલબીઆર-૨૮- ગુજરાત રાજય અસંગઠિતકામદાર કલ્યાણ બોર્ડ ( બીડી શ્રમિકો ).( રૂ.૪૮.૨૪ લાખ )**

સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં. કુલ રૂ. ૪૮.૨૪ લાખની જોગવાઇ સૂચવેલ છે. રાજયના બીડીકામદારોને રાષ્ટ્રીય સ્વાસ્ વીમા યોજના (આર.એસ.બી.વાય.) હેઠળ આવરીલેવા સારૂ પ્રિમિયમની રકમ ભરવા માટે પ્રિમિયમ ભરવામાટે રાજય સરકા રૂ.૧૯૦૬ લાખ, કેન્દ્ર સરકારના ફાળા પેટે રૂ. ૧૮ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે

## નવી બાબતોની વિગતો (વર્ષ – ૨૦૧૭-૧૮)

**એલબીઆર-૧ શ્રમ આયુક્તશ્રીની કચેરીના મહેકમનું વિસ્તરણ**

-------------------------------------------------

શુન્ય-------------------------------------------------------

**એલબીઆરઃ-૧૩ નિયામક, વરાળ બોયલર ની કચેરી ના મહેકમનું વિસ્તરણઃ- (રૂ.૨૨૭.૫૦ લાખ)**

સને ૨૦૧૭ ના અંદાજપત્રમાં બોઇલર તંત્ર હેઠળ રૂ.૨૨૭.૫૦ લાખની જોગવાઇ સૂચવેલછે જે પૈકી મહેકમ રૂ.૧૪૭.૫૦ લાખ તેમજ ,વર્કશોપ,તાલીમ,તથા ભાડાના વાહનો માટેના ખર્ચની ૮૦.૦૦ લાખ સૂચવવામાં આવેલ છે પાંચ નવી કચેરીઓ મંજુર કરવાનો અંદાજીત ખર્ચ થાય છે

**એલબીઆર-૨૧. સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને અનુદાનઃ- (રૂ.0.00 લાખ)**

-------------------------------------------------

શુન્ય-------------------------------------------------------

**એલબીઆર-૨૭. ગુજરાત અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા બોર્ડ. (રૂ. ૧000.00 લાખ)**

સને ૨૦૧૭ નાં અંદાજપત્રમાં ગુજરાત અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા બોર્ડ માટે કુલ રૂ ૧000.00લાખની જોગવાઇ સૂચવેલ છે ગુજરાત રાજ્ય સામાજીક સુરક્ષા બોર્ડ હેઠળ નોંધાયેલ અસંગઠિત શ્રમ યોગીઓને વાર્ષીક ૨ લાખ પ્રતિ કુંટુબ લેખે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલી મુખ્ય મંત્રી વાત્સલ્ય યોજનાઓનો લાભ આપવાની યોજના

**એલબીઆર-૧૮-એ . ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, રાયપુર, અમદાવાદ ની સૂચિત અનુદાન.- (૬૪૭.૯૫ લાખ )**

સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ માટે કુલ રૂ. ૬૪૭.૯૫ લાખની જોગવાઇ **સુચવવામાં આવેલ છે. આ પૈકી સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ માટે મોબાઇલ મેડીકલ વાન યોજના, ઉચ્ચ શિક્ષણ સહાય યોજના, ૧૭ શિશુ કેંન્દ્રો એન.જી.ઓ. મારફતે ચલાવવાનો ખર્ચ, મકાન રીનોવેશન વગેરેની જોગવાઇ કરવામાં આવેલ છે.**

# શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## વાર્ષિક વિકાસ યોજના વર્ષ : ૨૦૧૭ – ૧૮

*(રૂ.લાખમાં)*

| અ.નં. | બજેટ હેડ | ૨૦૧૭-૧૮ ની જોગવાઇ | | |
|---|---|---|---|---|
| | | પ્લાન અને નોન પ્લાન બાબતો | નવી બાબત | કુલ |
| ૧ | એલબીઆર-૧<br>શ્રમ આયુક્તશ્રી ની કચેરીના મહેકમ નું વિસ્તરણ | ૧૩૭૯.૬૨ | ००.०० | ૧૩૭૯.૬૨ |
| ૨ | એલબીઆરઃ-૧૩<br>વરાળ બોયલર ના મુખ્ય નિરીક્ષક હેઠળના મહેકમ નું વિસ્તરણ | ૪૮૩.૬૧ | ૯૫.૦૦ | ૫૭૮.૬૧ |
| ૩ | એલબીઆર-૨૧.<br>સંશોધન અને તાલીમ અને વિકાસ કાર્યક્રમ માટે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ને અનુદાન | ૩૯૭.૫૦ | ००.०० | ૩૯૭.૫૦ |
| ૪ | એલબીઆર-૨૬<br>ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય) | ૦.૫૦ | ००.०० | ૦.૫૦ |
| ૫ | એલબીઆરઃ-૨૭ (નવુ હેડ)<br>ગુજરાત અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા બોર્ડ | ૫૫૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૫૫૦.૦૦ |
| ૬ | એલબીઆર-૨૮ (નવુ હેડ)<br>ગુજરાત રાજય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ (ખેત શ્રમિકો સિવાય ) (બીડી શ્રમિકો) | ૨૯.૧૮ | ००.०० | ૨૯.૧૮ |
| ૭ | એલ .બી.આર.૧૮-એ<br>ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ | ૪૧૨.૩૦ | ૨૮૩.૪૫ | ૬૯૫.૭૫ |
| કુલ સરવાળો | | ૩૨૫૨.૭૧ | ૧૩૭૮.૪૫ | ૪૬૩૧.૧૬ |

આ પૈકી પ્લાન :    અને નોન પ્લાન :